**Appendix - XIV**

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, વડોદરા

વાર્ષિક પરીક્ષા - ૧૯૯૯

વિષય - ભાષા

ધોરણ : ૫ — તારીખ : ૧૭-૪-૧૯૯૯

બુધવાર — સમય : ૧૦.૩૦ થી ૧૨.૩૦

---

**પ્ર.૧ નીચેના પ્રશ્નોના જવાબ લખો. (ગમે તે પાંચ)** (૧૫)

૧. આપણા રાષ્ટ્રધ્વજને શાંતિનો અવતાર શા માટે કહ્યો છે ?
૨. નોઆખલીના પ્રસંગથી બાપુને શી વાત યાદ આવી ?
૩. લાલા લજપતરાયનું મૃત્યુ શાથી થયું ?
૪. લીમડીના ફળને અને ફૂલને શું કહેવાય ?
૫. કવિએ જિંદગીને કોની સાથે સરખાવી છે ? શા માટે ?
૬. કાચબાને જોઈ શિયાળ કેમ હસતું હતું ?

**પ્ર.૨ કોઈ પણ એક વિષય પર દસ થી પંદર લીટી લખો.** (૮)

૧. ઉત્તરાયણ — ૨. લાલા લજપતરાય
૩. ૨૬ મી જાન્યુઆરી — ૪. બાળમેળો

**પ્ર.૩ (અ) ખરાં કે ખોટાં જણાવો.** (૫)

૧. ગિરનારી બાવાએ દામજીને ચિઠ્ઠી આપી.
૨. રસ્તે ચાલતી વખતે સલામતીના નિયમોનું, પાલન કરવું.
૩. શિયાળામાં લોકો સુતરાઉ કપડાં પહેરે છે.
૪. જુનો વાડકો સોનાનો હતો માટે ડોસીએ રાખી મૂક્યો હતો.
૫. વૃક્ષો આપણા અન્નદાતા છે.

**(બ) જોડકાં જોડો.** (૫)

| 'અ' | 'બ' |
|---|---|
| ૧. મેવાડનો વેપારી | ૧. મેવાડના પટાવત |
| ૨. મોતીનું પગલું પાડજો | ૨. અરે! શાક કેમ દેખાતું નથી. |
| ૩. પેટમાં બોરડી | ૩. વસંત નાયક |
| ૪. દામજી | ૪. સમદર દેવ |
| ૫. ઉદો | ૫. ભામા શા |

**પ્ર.૪ (અ) નીચેની કોઈ પણ એક કાવ્ય પંક્તિ પૂરી કરો.** (૫)

૧. દરિયાને તીર એક રેતીની ઓટલી .......
રામજીની આણ અમે દીધી રે.

૨. મારે આંબળિયે લીંબુડી ............ લીમડી ઝૂમે ઝૂમે રે.

**પ્ર.૪ (બ) નીચેની ખાલી જગ્યા પૂરો.** (૧૦)

૧. હેમચંદ્રાચાર્યનું મૂળ નામ ........... હતું.
૨. સૂરજદેવ આવીને ........... નું પગલું પાડશે.
૩. આપણા રાષ્ટ્રધ્વજમાં વચ્ચે ........... છે.
૪. રાણા પ્રતાપ ........... ના રાજા હતાં.
૫. વેતિયાઓના રોટલા ........... જેવડા હતાં.

**પ્ર.૫ (અ) ગમે તે ત્રણ શબ્દના અર્થ લખો.** (૩)

૧. દૈવત ૨. શૂરવીર ૩. સંગ્રામ ૪. શીતળ

**(બ) ગમે તે ત્રણના વિરોધી શબ્દ આપો.** (૩)

૧. હાજર ૨. દુર્ગંધ ૩. દેશ ૪. સત્ય

**(ક) રૂઢિપ્રયોગોના અર્થ લખો.** (૩)

૧. કાગ ડોળે રાહ જોવી ૨. પાપનું પોટલું બાંધવું
૩. ઊભી પૂંછડીએ ભાગવું.

**(ડ) સમાનાર્થી શબ્દ લખો.** (૩)

૧. દુઃખ ૨. જડ ૩. નર